# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/07/2026** **Morning : 7.10 to 7.20**
**Day : THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વરસાદ ગ્રસ્ત સુરત અને વલસાડ જીલ્લામાં ચાલી રહેલી બચાવ અને રાહત કામગીરીની જાત માહિતી મેળવશે.**
2. **છેલ્લા 24 કલાકમાં 60 તાલુકાઓમાં વરસાદ સાથે રાજ્યમાં વરસાદનું જોર ઘટ્યુ.**
3. **રાજ્યમાં ઇવી ચાર્જિંગ સ્ટેશન માટેની નીતિ બનાવાશે.**
4. **નાયબ મુખ્યમંત્રીએ આગામી રથયાત્રાની સલામતીની સમીક્ષા કરી.**
5. **અમરેલીમાં સિંહના વધુ એક હુમલામાં યુવકનું મોત.**
6. **બ્રિસ્ટલમાં આજે ભારત ઈંગ્લેન્ડ વચ્ચે ચોથી ટી-20 મેચ.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# CM SURAT VISIT

રાજ્યની પ્રવર્તમાન વરસાદી પરિસ્થિતિનો પ્રત્યક્ષ તાગ મેળવવા, અસરગ્રસ્તોની સ્થિતિ જાણવા અને રાહત-બચાવ કામગીરીનું જાત નિરીક્ષણ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સુરત અને વલસાડ જિલ્લાની રૂબરૂ મુલાકાત લેશે.

સુરતમાં પડેલા અતિભારે વરસાદને કારણે શહેર પૂરગ્રસ્ત બન્યું છે. તંત્રની કામગીરીની જાત માહિતી મેળવવા તેમજ બચાવ અને રાહત કામગીરીનું નિરીક્ષણ કરવા મુખ્યમંત્રી વરસાદગ્રસ્ત સુરત અને વલસાડની મુલાકાતે જશે. તેઓ અસરગ્રસ્ત લોકોને પણ મળશે અને સ્થિતીનો ચિતાર મેળવશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ રાજ્યના તમામ વરસાદગ્રસ્ત વિસ્તારોમાં જે-તે જિલ્લાના સ્થાનિક મંત્રીઓ તેમજ પ્રભારી મંત્રીઓને સ્થળ મુલાકાત લેવા આદેશ કર્યો છે. વહીવટી તંત્રની સજ્જતા અને આપત્તિ વ્યવસ્થાપનની તૈયારીઓની વ્યક્તિગત સ્તરે સમીક્ષા કરવા માટે પણ મંત્રીઓને ખાસ સૂચના આપવામાં આવી છે.

# WEATHER

હવામાન વિભાગે રાજ્યમાં વરસાદનું જોર ઘટવાની આગાહી કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદિપ શર્માએ વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે, આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદનું પ્રમાણ ઘટશે.

સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયામાં ભારે પવન ફુંકવાની શક્યતાને કારણે માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

**BYTE: PRADEEP SHARMA, IMD**

રાજ્યમાં ધીમે ધીમે વરસાદનું જોર ઘટી રહ્યું છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના **60** તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધુ વલસાડ જિલ્લાના નાના પોંઢામાં **1.5** ઇંચ અને કપરાડામાં **1.34** ઇંચ વરસાદ નોંધાયો હતો.

## EV CHARGING POLICY

પર્યાવરણ અનુકૂળ પરિવહનને વેગ આપવાના ઉદ્દેશ્યથી રાજ્યમાં એક સુદ્રઢ અને સર્વગ્રાહી '**EV** ચાર્જિંગ સ્ટેશન' અંગેની નીતિ તૈયાર કરવામાં આવશે. આ નીતિ તૈયાર કરવા માટે સંબંધિત અધિકારીઓને મુખ્યમંત્રીએ સૂચના આપી છે. રાજ્ય મંત્રી મંડળની બેઠક દરમિયાન તંત્રને સૂચના આપવામાં આવી છે.

આ પોલિસી આવનારા સમયમાં રાજ્યમાં ગ્રીન એનર્જી અને ઈલેક્ટ્રિક વ્હીકલ્સના વપરાશને વધુ સરળ અને વ્યાપક બનાવશે તેમ સરકારના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યુ હતું.

**BYTE: JITU VAGHANI, SPOKESPERSON MINISTER**

## HARSH SANGHVI POLICE GROUND

હવેથી રાજ્યના તમામ જિલ્લા પોલીસ હેડક્વાર્ટરના મેદાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓની શારીરિક કસોટીની તૈયારી કરતા ઉમેદવારો માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે તેમ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યુ હતું.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા વધુ 449 બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટરોને પોલીસ દળમાં નિમણૂક પત્રો એનાયાત કરવાના ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં હર્ષ સંઘવીએ પોતાના સંબોધનમાં આ વાતનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, વર્ષ 2033 સુધીમાં પોલીસ વિભાગમાં 50 હજાર નવી ભરતી કરાશે.

**BYTE: HARSH SANGHVI, DEPUTY CHIEF MINISTER**

## RATHYATRA SECURITY REVIEW

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ રથયાત્રા પૂર્વે સુરક્ષા વ્યવસ્થા અને તૈયારીઓની સમીક્ષા કરી. રાજ્ય પોલીસ વડા જી.એસ.મલિક, અમદાવાદ પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોત તથા પોલીસ વિભાગના અધિકારીઓ સાથે ગત મોડી સાંજે ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. રથયાત્રાના રૂટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવા, ટ્રાફિકનું સુચારુ સંચાલન કરવા તેમજ ઈમરજન્સી સેવાઓ સુદ્રઢ કરવા અંગે તેમણે જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપ્યા હતા.

આ વર્ષે રથયાત્રાના ઇતિહાસમાં પ્રથમવાર રૂટ પર જોડાનાર હાથીઓની સુરક્ષા અને લાઈવ લોકેશન મોનીટરીંગ માટે 'ગજરક્ષક સ્માર્ટ ટ્રેકિંગ સિસ્ટમ' કાર્યરત કરવામાં આવશે.

આ ઉપરાંત, યાત્રામાં જોડાનાર તમામ ટ્રક અને અખાડાના સંચાલકોના આધાર આધારિત વેરિફિકેશન માટે 'પ્રતિરક્ષા' એપ્લિકેશનનો ઉપયોગ કરાશે. તેમજ શંકાસ્પદ તત્વો પર બાજ નજર રાખવા માટે **'PINAC'** સોફ્ટવેર સંચાલિત એઆઈ **(AI)** ફેસ રેકગ્નિશન સિસ્ટમ, આકાશી સુરક્ષા માટે એન્ટી-ડ્રોન ગન તથા જામર ટીમ અને સમગ્ર રૂટ પર હજારો સીસીટીવી **(CCTV)** કેમેરાના નેટવર્ક દ્વારા લાઈવ સર્વેલન્સની આધુનિક વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

## CRIME BRANCH ARREST WITH WEAPONS

અમદાવાદ ક્રાઇમ બ્રાંચે છ ગેરકાયદે હથિયારો સાથે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. રથયાત્રા અગાઉ આ આરોપી પાસેથી છ જેટલા તમંચા અને **21** જેટલી જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે તેમ ક્રાઇમ બ્રાંચના એસીપી ભરત પટેલે જણાવ્યું હતું.

## BYTE: BHARAT PATEL, ACP CRIME BRANCH

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................................

## AMRELI LION ATTACK

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામ નજીક રેવન્યુ અને રિઝર્વ ફોરેસ્ટની બોર્ડર વિસ્તારમાં સિંહના હુમલામાં યુવકનું મોત થયું છે. પ્રાથમિક માહિતી મુજબ સિંહ-સિંહણના મેટિંગ પિરિયડ દરમિયાન કેટલાક યુવકો સિંહ દર્શન કરવા માટે ગયા હતાં. દરમ્યાન સિંહોએ અચાનક હુમલો કરતા યુવકને દૂર સુધી ખેંચી લઈ જતાં તેનું મોત થયું હતું.

વનવિભાગ અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. જોકે હુમલા બાદ સિંહો અત્યંત આક્રમક સ્થિતિમાં હોવાથી તેઓ મૃતકનો મૃતદેહ છોડવા તૈયાર ન હોતા. ત્યારબાદ વનવિભાગે સરકારી વાહનોના કાફલા સાથે અંદર પ્રવેશ કરીને ભારે જહેમત બાદ મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

ઘટના બાદ વનવિભાગે આસપાસના વિસ્તારમાં હાજર રહેલા અને શંકાસ્પદ રીતે સિંહણ દર્શન કરવા આવેલા કેટલાક યુવકોને શોધી તપાસ હાથ ધરી છે.

# GSRTC-GPS TECHNOLOGY

રાજ્યભરમાં થઈ રહેલા વરસાદને પગલે મુસાફરોની સુરક્ષા માટે **GSRTC** દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. **GPS** ટેક્નોલોજીની મદદથી તમામ બસોના લોકેશન પર નજર રાખવામાં આવી રહી હોવાનું **GSRTC**ના **PRO** શ્રદ્ધા ભટ્ટે જણાવ્યું હતું.

## BYTE: SHRADDHA BHATT, PRO GSRTC

# TELECOM - ENABLED CYBER CRIME

ટેલિકોમને લગતા સાયબર ગુનાઓ અને ડિજિટલ નાણાકીય છેતરપિંડીઓને રોકવા દૂરસંચાર વિભાગે ભારતીય રિઝર્વ બેંક પ્રાદેશિક કાર્યાલય, અમદાવાદ સાથે સંકલન બેઠક યોજી હતી.

આ બેઠકમાં રાજ્ય અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના કેન્દ્રશાસિત પ્રદેશમાં **DIP** પોર્ટલ પર બેંકોને જોડવાની હાલની સ્થિતિની સમીક્ષા કરવામાં આવી. માહિતીની આપ-લે મજબૂત કરવા, સંસ્થાઓ વચ્ચેનું સંકલન સુધારવા અને ટેલિકોમ - સંચાલિત નાણાકીય છેતરપિંડીઓ સામે ઝડપી કાર્યવાહી મજબૂત કરવા દૂરસંચાર વિભાગે **RBI**ને બાકીની બેંકોને ઝડપથી જોડવામાં સુવિધા આપવા અપીલ કરી.

# KUTCH DEMOLITION

કચ્છમાં વહીવટી તંત્રે 154 ગેરકાયદેસર દબાણો દૂર કરી 17 કરોડ 86 લાખથી વધુની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરી હતી. જેમાં 154 દબાણોમાં 40 ધાર્મિક, 91 વાણિજ્યિક અને 23 અન્ય પ્રકારના દબાણોનો સમાવેશ થાય છે. સૌથી વધુ ભુજ તાલુકામાં દબાણો દૂર કરાયા.

# PANCHMAHAL MGVCL

પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના પશ્ચિમ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ-MGVCLએ વીજચોરી વિરુદ્ધ મેગા ડ્રાઈવ હાથ ધરી છે. ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડની 33 સંયુક્ત ટીમોએ પોલીસ બંદોબસ્ત સાથે 900થી વધુ વીજ કનેક્શનની તપાસ કરી હતી. તપાસ દરમિયાન 45 જેટલા વીજ જોડાણોમાં વીજચોરી ઝડપાઈ છે. પ્રાથમિક અંદાજ મુજબ 50 લાખ રૂપિયાથી વધુની વીજચોરી સામે આવી છે.

# CRICKET-T20I-INDIA

પુરુષ ક્રિકેટમાં ભારત આજે રાત્રે બ્રિસ્ટલમાં કાઉન્ટી ગ્રાઉન્ડ ખાતે પાંચ મેચની શ્રેણીની ચોથી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 10 વાગ્યે શરૂ થશે. શ્રેણીમાં 2-0થી પાછળ હોવાથી ભારતીય ટીમ આ મેચ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. અંતિમ મેચ શનિવારે સાઉથમ્પ્ટન ખાતે રમાશે.